જન્મદિને વધામણી

ગણપતભાઈ નારણભાઈ પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

શ્રેયા દિપકભાઈ પ્રજાપતિ
મો. ૯૮૨૫૩ ૬૫૪૨૫

શુભમ સુખડીયા
રાધે-રાધે ગ્રુપ
મો. ૯૮૨૫૩ ૬૫૪૨૫

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન - ૧
રાઝી
૩.૩૦,૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન - ૩
ડેડપૂલ-૨
(૨-ડી, હિન્દી)
૨.૪૫, ૭.૪૫
ડેડપૂલ-૨
(૨-ડી, અંગ્રેજી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન - ૪
હાઈ જેક
૧.૦૦
ફેરા ફેરી હેરા ફેરી
(ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦
વાંઢા વિલાસ (ગુજરાતી)
૭.૦૦

સ્ક્રીન - ૫
રાઝી
૧૨.૩૦
૧૦૨ નૉટ આઉટ
૪.૦૦, ૧૦.૦૦

વિશ્વકક્ષાએ અનૂઠા વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે પ્રયત્નરત

ગાંધીનગરની કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ આવતીકાલના નાગરિકો તૈયાર કરી રહી છે

ઉત્સાહી વિદ્યાર્થીઓને શિક્ષણયજ્ઞમાં જોડાવા સ્કૂલનું નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૮

૨૦૧૨માં સ્થપાયેલી કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ આવતીકાલના નાગરિકો તૈયાર કરવા માટે પ્રયત્નરત છે.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ માને છે કે સાચું શિક્ષણ એ માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નથી, પરંતુ દરેક વિદ્યાર્થીમાં તેની આગવી મેધા પારખીને તેને વિકસાવવાનું છે અને તેને સફળ તથા ખુશ માનવી બનાવવાનું છે. આવા જ વિદ્યાર્થીઓ વિશ્વના સારા નાગરિકો બની શકે છે અને સમાજ તથા દુનિયાને કંઈક ઉપયોગી પ્રદાન કરી શકે છે.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ દરેક વિદ્યાર્થીના વ્યક્તિગત કૌશલ્ય, સર્જનશીલતા અને સંચારશક્તિ પર ધ્યાન આપે છે, જે તેની સફળથા અને ભવિષ્ય માટે ખૂબ જરૂરી છે.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ ૧૧ એકરના ગ્રીન કૅમ્પસમાં ફેલાયેલી છે અને તેમાં ડિજીટલ ક્લાસરૂમ, કન્સેપ્ટ રૂમ્સ, ઈનોવેશન લૅબ્સ, ડાન્સ તથા મ્યુઝિક, મૅડિકલ રૂમ, કૅન્ટીન અને સ્પૉર્ટ્સ ઍકેડેમી જેવી સુવિધાઓ પણ સજ્જ કરવામાં આવી છે.

તાલીમ પામેલાં, કૌશલ્યવાન અને કમિટેડ શિક્ષકોની ટીમ અહીં સતત વિદ્યાર્થીઓમાં રત રહે છે અને સવારના ૮.૩૦થી બપોરના ૨.૨૦ સુધી અનેકવિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે યોજે છે. વિશ્વકક્ષાએ યોગદાન આપી શકે તેવા અનૂઠા વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે પ્રયત્નરત કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ઉત્સાહી વિદ્યાર્થીઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

સોમનાથ મંદિરમાં પ્રસાદની વિક્રમજનક આવક

મંદીરમાં ભાવિકોને અપાતા પ્રસાદની આવક હવે ૭ કરોડથી પણ વધુ નોંધાઈ

સોમનાથ, તા.૧૮

વિશ્વ સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર જગવિખ્યાતની સાથોસાથ આવકની દ્રષ્ટીએ પણ હવે વિખ્યાત બન્યું છે, ત્યારે સોમનાથ મંદીરમાં ભાવિકોને અપાતા પ્રસાદની આવક હવે ૭ કરોડથી પણ વધુ નોંધાઈ છે. બાર જયોતિર્લીંગમાં પ્રથમ અને કરોડો લોકોની આસ્થાનુ પ્રતીક એવા વિશ્વ સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર પર ભાવીભકતો ભારે આસ્થા અને શ્રધ્ધા ધરાવે છે ત્યારે જ એક તરફ સોમનાથ મંદિરનો ઈતીહાસ પુનઃનિર્માણ થઈ રહ્યો હોય તેમજ મંદિર ધીમે ધીમે સુવર્ણમંડીત કરવાની કામગીરી શરુ કરાઈ છે અને હજુ પણ સુવર્ણ દાન દાતાઓ તરફથી આવી રહ્યું છે. દેશ વિદેશથી આવતા ભાવીકો સોમનાથ મંદિરને શીશ ઝુકાવી અને જે પ્રસાદ લઈ ને જાય છે તેની આવક પણ વર્ષ દરમિયાન ૭ કરોડથી પણ વધુ નોંધાઈ છે અને સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ ભાવીકોને આપવામાં આવતો પ્રસાદ શુધ્ધ અમુલ ઘી, તેમજ નામાંકીત કંપનીઓની ચીજવસ્તુઓમાંથી બનાવવામાં આવી રહ્યો છે . સોમનાથ મંદીરમા દર્શનાથે વર્ષ દરમિયાન ૯૦ લાખથી વધુ ભાવીકો આવતા હોય છે. મંદીરમાં ભાવીકો માટે વિવિધ પ્રકારના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં મગજના લાડું, ચીકી, માંડવી પાક, દેશી લાડું એમ ચાર વસ્તુઓ પ્રસાદ તરીકે કરવામા આવી છે જેમા વર્ષ દરમિયાન ૭ કરોડથી વધુ પ્રસાદની આવક નોંધાઈ છે. સોમનાથ મંદીર ખાતે જ ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેમીનાર યોજાયો હતો જેમાં દિલ્હી, તથા ગુજરાત માથી આવેલા ફૂડ સેફટી વિભાગના અધિકારીઓ એ પણ સોમનાથ મંદીર પરીષરમા બનતા આ પ્રસાદની જગ્યાની મુલાકાત લીધી હતી અને તેમની પ્રશંસા કરી હતી.

અમદાવાદમાં ક્રિકેટનો મહા જંગ

લોજિકલ યુથ ગ્રુપ દ્વારા અમદાવાદ પ્રીમિયર લીગનું સુરમ્યા ક્રિકેટ એકેડેમી ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ૧૫મેથી શરૂ થયેલા આ મહા ક્રિકેટ જંગમાં ૪૦ થી વધુ ટીમો જોડાઈ છે. મોટી સંખ્યામાં ચાહકો અને પ્રેક્ષકો આ જંગ અંતર્ગત યોજાતી મેચોનો લાભ લઈ રહ્યા છે.

રાજ્યમાં મતદારોની સંખ્યા ૪,૩૯,૭૫,૪૯૩ સુધી પહોંચી

ગાંધીનગર, તા. ૧૮

૧લી, જાન્યુઆરી-૨૦૧૮ની લાયકાતે તૈયાર થયેલી નવી આખરી મતદાર યાદી જાહેર કરાઈ છે. જેમાં મતદારોની સંખ્યામાં ૪.૪૬ લાખનો વધારો થયો છે. પુરુષ મતદારોની સંખ્યામાં ૨,૨૬,૪૮૮નો, સ્ત્રી મતદારોમાં ૨,૨૦,૩૭૭ તથા ત્રીજી જાતિના મતદારોમાં ૧૦૮નો વધારો થયો છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી વખતે ગુજરાતના કુલ મતદારોની સંખ્યા ૪,૩૫,૨૮,૫૨૦ની હતી. જેમાં કુલ ૪,૪૬,૯૭૩ નવા મતદારોનો વધારો થતાં હવે, રાજ્યના કુલ મતદારોની સંખ્યા ૪,૩૯,૭૫,૪૯૩ થઈ છે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી ડો. એસ. મુરલી ક્રિશ્નાએ જણાવ્યું હતું કે, ૧-૫-૨૦૧૮ના રોજ ૧-૧-૨૦૧૮ની લાયકાતની તારીખના સંદર્ભમાં તૈયાર કરાયેલી મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી વખતે રાજ્યમાં પુરુષ મતદારોની સંખ્યા ૨,૨૬,૫૩,૩૬૮ની હતી. જે હવે વધીને ૨,૨૮,૭૯,૮૫૬ની થઈ છે. જ્યારે તે વખતે મહિલા મતદારોની સંખ્યા ૨,૦૮,૭૪,૪૫૦ની હતી. જે હવે વધીને ૨,૧૦,૯૪,૮૨૭ની થઈ છે. એવી જ રીતે તે વખતે ત્રીજી જાતિના મતદારો ૭૦૨ જેટલા હતા. જે હવે વધીને ૮૧૦ થયા છે. મુખ્ય ચૂંટણી અધિકારીએ કહ્યું હતું કે, ગુજરાતમાં હવે, ૧૮થી ૧૯ વર્ષની વયના મતદારોની સંખ્યા ૮,૫૨,૨૭૯ થઈ છે. જ્યારે ૮૦ વર્ષથી વધુ વયજૂથના મતદારો ૭,૧૫,૧૮૯ થયાં છે. આમ, રાજ્યમાં કુલ મતદારો પૈકીર (બે) ટકા મતદારો ૧૮થી ૧૯ વર્ષની વયના છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, કુલ મતદારોના ૯૯.૯૯ ટકા મતદારોની, ચૂંટણી તંત્ર તરફથી ઈમેજ-ફોટોગ્રાફવાળી મતદાર યાદી તૈયાર કરી દેવાઈ છે અને તેમને ફોટા ઓળખકાર્ડ પણ આપી દેવાયા છે.

૧૪-૪-૨૦૧૮ના રોજ સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી ૨૦૧૮ની આખરી મતદાર યાદી નોંધણી અધિકારીની કચેરી, કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, શહેરી વિસ્તારમાં મ્યુનિ. કોર્પોકેશનના નાગરિક સુવિધા કેન્દ્ર, મતદાન સ્થળો, કેટલાક જાહેર સ્થળો ઉપર મતદારો સરળતાથી પોતાનું નામ તથા વિગતો ચકાસી શકે તે માટે પ્રદર્શિત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારીને વેબસાઈટ પર પણ તે જોવા મળી શકશે. હવે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ૧-૧-૨૦૧૯ની લાયકાતની તારીખના સંદર્ભમાં તૈયાર થનારી નવી મતદાર યાદી મુજબ થશે.

ઈનોવેટીવ આઈડિયાને સાકાર કરવામાં સરકાર મદદ કરશે : ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા

૨૧મી સદીમાં જેમની પાસે જ્ઞાન વધારે હોય તે શ્રીમંત કહેવાશે

અમદાવાદ,તા.૧૭

જીટીયુના ઈતિહાસમાં પહેલીવાર સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. યુનિવર્સિટીએ ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨મા વર્ષમાં પ્રવેશ કર્યો તે પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધન કરતા મુખ્ય અતિથિ તરીકે રાજ્યના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્ર સિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે જે વિદ્યાર્થીઓમાં પ્રતિભા અને કંઈક નવતર કરી બતાવવાની તમન્ના હશે તેવા વિદ્યાર્થીઓના આઈડિયાને સાકાર કરવામાં સરકાર તમામ પ્રકારની મદદ કરશે. તેમણે વિદ્યાર્થીઓને ઈનોવેટીવ બનો એવો મંત્ર આપ્યો હતો.

શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે એક જમાનામાં જેમની પાસે નાણાં વધારે હોય તેઓ ધનવાન કહેવાતા, પણ હવે ૨૧મી સદીમાં જેમની પાસે જ્ઞાન વધારે હોય તે શ્રીમંત કહેવાશે. નોલેજ વીથ ટેકનોલોજી જેમની પાસે હોય તે ધનવાન ગણાશે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ આટલી હરણફાળ ભરી છે ત્યારે તેનો લાભ શહેરોની જેમજ ગામડાઓને પણ મળતો થયો છે. રૂરલ અને અર્બનનો સમન્વય કરીને રૂર્બન કન્સેપ્ટના માધ્યમથી વિકાસ સાધવાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આવા સંજોગોમાં ઈજનેર બનીને બહાર આવનારા વિદ્યાર્થીઓને મારે એટલું જ કહેવું છે કે તમે સમાજઉપયોગી કાર્યોમાં તમારા કૌશલ્યોનો લાભ આપશો તો તમને ભરપૂર આત્મસંતોષ મળશે. આ સ્ટાર્ટ અપનો જમાનો છે. આ પ્રસંગે વિભાવરીબેન દવે,કે. કે. નિરાલા તેમજ જીટીયુમાંથી પીએચડી કરી ચૂકેલા ઉદ્યોગપતિ ડૉ. જૈમીન વસા વગેરે ઉપસ્થિત હતા.

સ્કૂલ ફી નિર્ધારણ પછી

હવે સ્કૂલ્સની નજર ઈતર પ્રવૃત્તિ પર

ગાંધીનગર, તા. ૧૮

ઘણી સ્કૂલો એવી છે કે જેમને ફી કમિટી દ્વારા માગી તેટલી ફી આપી દીધી છે. પરંતુ અમુક સ્કૂલોની ફીમાં કમિટી દ્વારા ઘટાડો કરાયો છે. જેને લઈને સ્કૂલ સંચાલકોમાં નારાજગી છે. જોકે, હવે આ સ્કૂલોએ ફી કમિટી દ્વારા નક્કી કરાયેલી ફીને બાજુ પર મુકી ઈતર પ્રવૃત્તિની ફી પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જેથી આ સ્કૂલો પોતાનો ટાર્ગેટ ઈતર પ્રવૃત્તિની ફીથી પુરો કરી શકે. આમ, ફી કમિટી દ્વારા જો સ્કૂલોની આગામી વર્ષ માટેની ફીમાં વધારો મંજૂર કરવામાં નહીં આવે તો શાળાઓ ઈતર પ્રવૃત્તિના નામે પોતાની ફીની ખાધ પુરી કરવાનું આયોજન કરી રહ્યું છે.

મોટાભાગની સ્કૂલોએ સ્પોર્ટસ પર ધ્યાન કેન્દ્રીત કરી તે અંગેની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવાનું નક્કી કર્યું છે. જેમાં માત્ર જગ્યાની ઓછી જરૂર પડતી હોય તેવી સ્પોર્ટસ જ સ્કૂલો શરૂ કરશે. સ્વિમીંગ, સ્કેટીંગ સહિતના સ્પોર્ટસ માટે સ્વિમીંગ પુલ, સ્કેટીંગ રીંકની જરૂર પડતી હોઈ આવા સ્પોર્ટસથી દૂર રહેવાનું નક્કી કરાયું છે. જોકે, જે સ્કૂલો ખરેખર ઈતર પ્રવૃત્તિઓ કરાવવામાં માને છે તેમણે આવા સ્પોર્ટસને પણ સામેલ કર્યા છે. આ ઉપરાંત ડાન્સ, મ્યુઝિક સહિતની અન્ય ઈતર પ્રવૃત્તિઓ પણ શરૂ કરવાનું આયોજન કર્યુ છે. સુપ્રીમ કોર્ટે શાળાઓને 'ઈતર પ્રવૃત્તિ' માટે ફી લેવાની સત્તા હોવાનું જણાવી તે અંગે ફિક્સેશન ફોર્મ્યુલા નક્કી કરવા સરકારને જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટની આ સૂચના બાદ સરકારે સ્કૂલ સંચાલકો અને વાલીઓ સાથે મળીને ઈતર પ્રવૃત્તિ માટેની ફી ફિક્સેશનની સ્કીમ નક્કી કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આગામી દિવસોમાં સરકાર આ ફોર્મ્યુલા તૈયાર કરી સુપ્રીમ કોર્ટમાં રજૂ કરશે. આ સંદર્ભમાં નવા શૈક્ષણિક સત્રથી અનેક શાળાઓ, કે જેઓ ઈતર પ્રવૃત્તિ ચલાવતી ન હતી, તેમણે પણ વધુ ફી લેવા માટે તેમની સ્કૂલોમાં ઈતર પ્રવૃત્તિ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે. આમ, સ્કૂલોએ પોતાની ફી અંગેનો ટાર્ગેટ હવે ઈતર પ્રવૃત્તિથી પુરો કરવાની કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકારે ફી નિયમન વિધેયક પસાર કર્યા બાદ સ્કૂલ સંચાલકો અને સરકાર વચ્ચે લાંબી કાનૂની લડાઈ ચાલી હતી. હાલમાં આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં છે. દરમિયાન, સુપ્રીમ કોર્ટે ફી અંગેના વચગાળાના ચુકાદામાં જણાવ્યું હતું કે, સરકારને શાળાઓની ફી નક્કી કરવાની સત્તા છે, પરંતુ શાળાઓ ઈતર પ્રવૃત્તિ કરતી હોય તો તે પેટે ફી લઈ શકે છે. આ ઈતર પ્રવૃત્તિ માટે સ્કૂલ સંચાલકો, સરકાર અને વાલીઓએ સાથે બેસીને ફી ફિક્સેશન ફોર્મ્યુલા તૈયાર કરવી અને આ ફોર્મ્યુલા સુપ્રીમ કોર્ટમાં સુપરત કરવાની રહેશે. આ સૂચના બાદ સરકારે સૌ પ્રથમ સ્કૂલ સંચાલકો સાથે બેઠક કરી ફી ફિક્સેશન ફોર્મ્યુલા રજૂ કરવા જણાવ્યું હતું. ત્યાર બાદ સરકારે વાલીઓ સાથે બેઠક કરી લીધી છે. જેથી હવે બંને પક્ષો તરફથી પોતપોતાની ફોર્મ્યુલા રજૂ થયા બાદ સરકાર દ્વારા એક કોમન ફોર્મ્યુલા તૈયાર કરીને સુપ્રીમ કોર્ટમાં રજૂ કરશે. ત્યાર બાદ સુપ્રીમ કોર્ટમાં જુલાઈના પ્રથમ સપ્તાહમાં હાથ ધરાનાર સુનાવણીમાં આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આમ, સ્કૂલો ઈતર પ્રવૃત્તિ અંગે ફી લઈ શકે તે અંગેના સુપ્રીમના આદેશ બાદ સ્કૂલો નવા શૈક્ષણિક સત્રથી ઈતર પ્રવૃત્તિઓ શરૂ કરવાનું નક્કી કર્યુ છે. જેમાં ઘણી સ્કૂલો એવી છે કે જેઓ માત્ર સ્કૂલમાં અભ્યાસ કરાવવા સિવાય અન્ય કોઈ પ્રવૃત્તિ કરતી ન હતી. તેમણે પણ હવે નવા સત્રથી ઈતર પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી હોવાની સૂચના વાલીઓને આપી દીધી છે. જેના પગલે નવા શૈક્ષણિક સત્રથી અનેક સ્કૂલોમાં અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવશે. ઈતર પ્રવૃતિ શરૂ કરવા પાછળનું એક માત્ર કારણ ફી હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો યાદગાર ગ્રીષ્મોત્સવ

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત ત્રિદિવસીય ગ્રીષ્મોત્સવ હાલમાં જ આપણે સહુએ માણ્યો. આ ગ્રીષ્મોત્સવની પરંપરાનું આકર્ષણ એવું છે, જેના આધારે સર્વ સભ્યો પોતાના વૅકેશનના કાર્યક્રમોની ગોઠવણ કરે છે. આયોજનપૂર્વક વસાવવામાં આવેલું આપણું ગાંધીનગર એવું શહેર છે, જેને વારસામાં પરંપરા મળી નથી. અહીં વસવાટ કરતાં નગરજનોનું સામાજિક જીવન ધબકતું રાખવાનું શ્રેય ગાંધીનગરની શિરા-ધમની સમાન અનેક સંસ્થાઓને જાય છે. એમાંય કલ્ચરલ ફોરમ હૃદયને રૂધિર પહોંચાડતી મુખ્ય ધમની સમાન છે. ખૂબ વિશાળ ફલક પર કામ કરતી આ સંસ્થા ૨૪મા વર્ષમાં પ્રવેશી છે.

ગ્રીષ્મોત્સવ અંતર્ગત 'હસો, હસો અને હસો જ' એવા પ્રથમ દિવસના કાર્યક્રમના સુકાની હતા લોકપ્રિય લોકકલાકાર સાંઈરામ દવે, એમને સાથ આપ્યો ગુજરાતનાં સૌપ્રથમ સ્ત્રી હાસ્યકલાકાર અવની દવેએ.

ગાંધીનગરની પ્રવૃત્તિ અને પ્રકૃતિથી સુપેરે પરિચિત એવા સાંઈરામ દવેએ અનેકવિધ વિષયો પર સતત-એકધારા વાણીપ્રવાહથી સૌને હાસ્યના ધોધમાં નવડાવી દીધા. શ્રોતાઓમાં હાજર વિદ્યાર્થીથી માંડીને વૃદ્ધ સુધી સહુને સતત પોતાની વાતોમાં પરોવી રાખી એમણે પુનઃ પોતાની હથોટી સાબિત કરી બતાવી. હાસ્યની સાથે સમજણ અને શીખામણની કેટલીય વાતો એવી રીતે એમણે વણી લીધી કે કાર્યક્રમના સમાપન સમયે સહુ આનંદ સાથે કંઈક પામ્યાની લાગણી લઈ ગયા.

બીજો દિવસ હતો ટ્રાન્સફ્યુઝનનો. આ નવતર પ્રયોગ શ્યામલ-સૌમિલ મુનશી દ્વારા કરવામાં આવ્યો હતો, જેમાં 'બૅન્ડ વિધાઉટ બેરિયર'ની ટૅગલાઈનને સાર્થ કરતી રજૂઆત માણવા મળી. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણેય ભાષાને આવરી લઈને ઍનર્જીથી ભરપૂર વાતાવારણનું સર્જન થયું. પ્રથમવારની આ પ્રકારની રજૂઆતો શ્રોતાઓને જકડી રાખ્યા. મુંબઈથી પધારેલા નીવડેલા સંગીત વાદકોના કાફલાથી મંચ સંપૂર્ણ સજ્જ હતું. મજાયેલા કલાકારો હિમાલી વ્યાસ-નાયક, યાશીતા શર્મા, ધૃવીશ શાહ, શ્યામલ-સૌમિલ-આરતી મુનશીની ઊર્જાસભર હાજરી વેસ્ટર્ન મ્યુઝિક બેન્ડ જેવો માહોલ સર્જતી હતી. બૅન્ડ સાથે બંધ બેસે એવા શ્યામલભાઈએ ખાસ લખેલા ગીતોમાં બે-ત્રણ ગીતો પૉપ મ્યુઝિકની ઝલક આપી ગયા. આ કૃતિઓ માટે શ્યામલભાઈને અવારનવાર જેના કંઠનો લાભ મળે છે એવી લોકપ્રિય ગાયિકા હિમાલી નાયકે શાસ્ત્રીય સંગીતના સ્પર્શ સાથે અંગ્રેજી ગીતોને ખૂબ સુંદર ન્યાય આપ્યો અને ગુજરાતી ગીતો પણ કંઈક અલગ અંદાઝમાં રજૂ કરવાનો સફળ પ્રયત્ન સરાહનીય રહ્યો. આત્મવિશ્વાસ અને અનુભવથી સભર યાશિતા શર્માની દરેક રજૂઆતે ખૂબ તાળીઓ મેળવી. પ્લેબૅક સિંગિંગ ક્ષેત્રે પણ કાઠું કાઢનાર યાશિતા શર્મા કાર્યક્રમના આકર્ષણનું કેન્દ્ર રહ્યાં.

ધૃવિશ શાહે કાર્યક્રમની શરૂઆતમાં રજૂ કરેલું ગુજરાતી ફિલ્મ રોંગ સાઈડરાજુનું ગીત 'સતરંગી રે...' ખૂબ પ્રશંસા મેળવી ગયું. શ્યામલ-સૌમિલ તેમજ આરતીબેન દ્વારા પણ સુંદર ગીતો રજૂ થયાં. સાવ નવાં ગુજરાતી ગીતો, જાણીતા ગુજરાતી ગીતો અને હિન્દી ગીતોની સાવ નવી ઢબથી રજૂઆતને કારણે સમગ્ર કાર્યક્રમ શ્રોતાઓના માનસ પર ભ્રાત છોડી ગયો. ઉત્સાહી શ્યામલભાઈની વાચાળતા અને વિઝન સમગ્ર કાર્યક્રમમાં ઊડીને આંખે વળગે એવાં હતાં. તેમણે સક્રિયતાથી શ્રોતાગણ સાથે સંવાદ સાધીને પહેલેથી અંત સુધી કાર્યક્રમનો ટૅમ્પો જાળવી રાખી સૌને જીવંત રાખ્યા, શૈવા પંડ્યાએ પણ એમને સાથ આપ્યો. છેલ્લે ગરબાની રમઝટ પણ માણવા મળી. પ્રેમ, પૉપ અને દેશભક્તિ એવા સેંગમેન્ટ્સથી લગભગ ૩૫ ગીતોનો રસથાળ પ્રસ્તુત થયો, જે પૈકી મોટાભાગનાં ગીતો હિલેરીયસ રહ્યાં.

મહેફિલ
મમતા રાવલ

ગ્રીષ્મોત્સવનો ત્રીજો દિવસ એટલે લૉન્ગ અવેઈટેડ 'સુખવિન્દર સીંગ લાઈવ.' ખૂબ રાહ જોવડાવીને પધારેલા આ કલાકારે પ્રેક્ષકોને રાજી કરી દીધા. સુલતાન ફિલ્મના ગીતથી ધમાકેદાર ઍન્ટ્રી પછી તરત જ ઑસ્કાર વિનર એ આર રહેમાનના સંગીતથી સજ્જ 'જય હો' ગીતની રજૂઆતે વાતાવરણમાં ગરમી ભરી દીધી. બીડી જલાઈ લે... મરજાણી.. છૈંયા છૈંયા... ઊડી ઊડી જાય... જેવા ખૂબ જાણીતાં ગીતોની રજૂઆત અજાણી કહી શકાય એવો મત શ્રોતાઓમાં પ્રવર્તતો લાગ્યો. હોલે-હોલે હો જાયેગા પ્યાર... ગીતમાં તેમણે મહિલાઓને સ્ટેજ પર આમંત્રણ આપી એમની સાથે ડાન્સ કરવાની તક આપી હતી. એ જ રીતે ચક દે ઈન્ડિયાના ગીત પર બાળકો અને દબંગના ગીતમાં પુરુષમિત્રો સાથે ગીત-ડાન્સથી વાતાવરણમાં ઉત્સાહ જગાવ્યો હતો.

ગ્રીષ્મની કાળઝાળ ગરમીમાં ત્રણ બાબત સહુને ખૂબ મનગમતી હોય છે : ફળોનો રાજા કેરી, શહેરના રસ્તાઓનું આભૂષણ ગરમાળો અને ત્રીજો કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ. આ ત્રણેય બાબત ગરમીની તીવ્રતાને ઘટાડીને જીવનમાં ઉત્સાહ જાળવી રાખે છે. આગામી વર્ષના ગ્રીષ્મોત્સવની રાહ જોતાં... વાતોને વાગોળતાં આપણે સહુ આવા અનેક કાર્યક્રમો માણવા માટે સજ્જ થઈએ, આનંદ માણીએ.